# અખબારી યાદી

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની યાદીમાં જણાવવામાં આવે છે કે, મોજે: માધાપર વિસ્તારમાં રૂડા દ્વારા નગર રચના યોજના નં:૩૮/૧(માધાપર)નો મુસદો તૈયાર કરી જમીન માલિકોની સભા તા.૮/૭/૨૦૨૦ને બુધવારનાં રોજ બોલાવવા માટે જાહેર નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તા.૩૦/૬/૨૦૨૦ના અમુક દૈનિક પત્રોમાં એવા સમાચાર પ્રસિદ્ધ થયા છે કે, સદરહુ જમીન માલિકોની સભા આવતી કાલ બુધવારે સવારે ૧૦:૩૦ થી બપોરે ૨:૩૦ સમયમાં થનાર છે.જે અંગે રૂડા કચેરીના મુખ્ય કારોબારી અધિકારીશ્રી ચેતન ગણાત્રા દ્વારા સ્પષ્ટતા કરતા જણાવેલ છે કે સદરહુ જમીન માલિકોની સભા તા.૮/૦૭/૨૦૨૦ને બુધવારના રોજ બોલાવવામાં આવેલ છે. જેની લાગતા વળગતા તમામ જમીન માલિકોશ્રીઓને નોંધ લેવા જણાવેલ છે.